ગ્રુપ ડિસ્કશન એ લાઈવ પ્રોગ્રામ છે. તેમાં નિષ્ક્રિયતાને સ્થાન નથી. પૂરી ચર્ચામાં મહત્તમ ભાગ લેવો જોઈએ. આમાં સહૃદયતા તથા ઉમળકાને પણ અવકાશ છે. સક્રિયતાથી ભાગ લેવાથી ચર્ચા જીવંત રહે છે. તક મળતા યોગ્ય રીતે એક્ટિવનેસ દર્શાવવાથી ઉમેદવારની છાપ સારી રહે છે. ચર્ચાવિચારણામાં મૌન, અપ્રતિભાવ ટાળવા ઇચ્છનીય ગણાય છે. ચર્ચામાં વિષયવાર થતાં તેને યોગ્ય ટ્રેક ઉપર લાવનાર ઉમેદરવારોને ઘણી વખત પ્લસ પોઇન્ટ સફળતાના ચાન્સ મળે છે.

**8. નેતૃત્વ અને સહકાર :**

આ જૂથચર્ચા એ ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમ પ્રવેશ પરીક્ષા કે હાયર જોબ માટે સામાન્ય રીતે હોય છે. આથી અહીં નેતૃત્વકળા દર્શાવવી પડે. લીડરશિપ લેવી પડે. જૂથચર્ચાનો એક અગત્યનો હેતુ ઉમેદવારોમાં નેતૃત્વની ક્ષમતા છે કે કેમ તે જાણવાનો છે. નેતૃત્વશક્તિની અહીં ચકાસણી થાય છે. ચર્ચામાં યોગ્ય રજૂઆતથી નેતૃત્વશક્તિથી દિવ્યતાનું દર્શન થાય તો ઉમેદવારની સફળતા વધે છે. ઉમેદવાર પોતાના સાથીઓને વિકાસ માટે પ્રેરણા આપીને જ પોતે મજબૂત થઇ શકે એ નોંધનીય છે. ફક્ત જાતવિકાસ સંપૂર્ણ નથી. સહકારયુક્ત વલણ પણ જરૂરી છે. અન્યના સહકાર વિના કોઇ કેપ્ટન વિજયમાળા પહેરી શકતો નથી. નેતૃત્વકળા અને સહકારની ભાવના એકબીજાના પૂરક છે.

ગ્રુપ ડિસ્કશન કે મૈત્રીપૂર્ણ વાતારવણમાં અપાયેલા જૂથચર્ચા વિષયના દરેક મુદ્દા પર થતી ચર્ચામાં ઉમેદવારે સહભાગી થવું એ જ ફક્ત સફળતાનો માપદંડ નથી. ઉમેદવારોને પોતાના વિકાસ પ્રગતિ માટે આવા પ્રસંગો વારંવાર આવે છે તેથી પોતાની શક્તિઓ, નબળાઇઓ, સ્ટાઇલ, પ્રાપ્ત માહોલની યોગ્ય મુલવણી કરવી આવશ્યક છે તો જ સફળતાની હંમેશાં આશા રાખી શકાય છે. ઇન્ટરવ્યૂનો અંતિમ ઉદ્દેશ્ય કંઇક પ્રાપ્તિનો હોવાથી જૂથચર્ચા માટે જાગૃતિ કેળવવાથી લાભ થાય છે. કેમ કે હાઇપ્રોફાઇલ અને કોર્પોરેટ સેકટરમાં પ્રગતિ કે પ્રમોશન માટે આ અગત્યની ઈન્ટરવ્યૂ ટેક્નિક છે. ●

# ગ્રૂપ ડિસ્કશન - GD

ઈન્ટરવ્યૂ કાર્યરીતિમાં દિનપ્રતિદિન પરિવર્તન અને વ્યાપકતા આવતી જાય છે. તેનાં સાધનો, ઉપકરણો, ટેકનિકમાં નવાં નવાં સંશાધનો અને મેથોડોલોજીને સ્થાન મળતું થયું છે. આજે ફક્ત લેખિત કે મૌખિક ઈન્ટરવ્યૂ સંતોષ મનાતો નથી. આ દિશામાં એક નવી પ્રયુક્તિને સ્થાન મળ્યું છે, તે છે : ગ્રૂપ ડિસ્કશન એટલે કે સમૂહ ચર્ચાવિચારણાને એક મહત્ત્વના સાધન તરીકે વિકસાવવામાં આવેલ છે.

**ગ્રૂપ ડિસ્કશન એટલે શું ?**

વ્યક્તિમાં વાતચીત. ચર્ચા. સંભાષણના ગુણો જન્મજાત હોય છે અને પ્રસંગોપાત તેનો ઉપયોગ થાય છે. વિદ્યાર્થીને શાળાજીવનથી વક્તૃત્વ કળા વિકસાવવા પ્રોત્સાહન મળે છે. આ અભિવ્યક્તિની કળાને કોઇ સમૂહમાં રહીને યોગ્ય રીતે વિકસાવવાની તક છે : ગ્રૂપ ડિસ્કશન. આ પ્રક્રિયાનો ઉપયોગ એડમિશન તથા જોબ ઈન્ટરવ્યૂમાં વ્યક્તિત્વની કસોટી માટે કરવાને ગ્રૂપ ડિસ્કશન કહે છે. ગ્રૂપ ડિસ્કશનથી વિદ્યાર્થી કે ઉમેદવારને તર્કસંગત રીતે, પધ્ધતિસર, વિષયને અનુરૂપ અને નેતૃત્વની ક્ષમતાના વિકાસાર્થે કેમ રજૂઆત થાય છે તે જોવામાં આવે છે. ગ્રૂપ ડિસ્કશનથી તેનું સૂચિત વિષય પરનું જ્ઞાન, સ્પષ્ટતાયુક્ત અભિવ્યક્તિ, મુદ્દાસર અસરકારક રજૂઆત અને જૂથ કે સમૂહ અંદરની વર્તણૂકને ચકાસવામાં આવે છે. વ્યક્તિની કોઇ ખાસ કામગીરી માટે યોગ્યતા તપાસવામાં આવે છે. આ ઈન્ટરવ્યૂનો એક ભાગ જ ગણાય છે. MBA વગેરે એન્ટ્રન્સ પ્રક્રિયામાં લેખિત કસોટી, ગ્રૂપ ડિસ્કશન તથા Viva Voce રૂબરૂ મુલાકાતની જોગવાઇ છે.

**ઉદ્દેશ્યો :**

ગ્રૂપ ડિસ્કશન ઈન્ટરવ્યૂ પ્રક્રિયાના કેટલાક ઉદ્દેશ્યો છે. હેતુસભર આ પ્રક્રિયા મારફત ઉમેદવારની યોગ્યતાઓ સાથે તેના માનવીય તાણાવાણાઓને સમજવાની શક્તિ ઉપર ભાર મૂકવામાં આવે છે.

(૧) **માનસિક સક્ષમતાઓનું માપન :** ઉચ્ચ હોદાઓ, માર્કેટિંગ પ્રક્રિયા માટે જરૂરી એવી ત્વરિત નિર્ણયક્ષમતા ચકાસવી. કટોકટીભરી પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લઇને તેના ઉપર કાબુ મેળવવાની ક્ષમતા જેવા પાયાના નેતૃત્વના ગુણો ઉમેદવારમાં છે કે નહીં તે ચકાસવામાં આવે છે.

(૨) **તાર્કિત સુસંગતતાની ક્ષમતાઓનું માપન :** કોઇ મુદ્દા કે સમસ્યાની તાર્કિક રીતે સુસંગત રજૂઆત અને અમલ કરવાની ક્ષમતા ઉમેદવારમાં છે કે નહિ તેની ચકાસણી થાય છે.

(૩) **રજૂઆત ક્ષમતા માપન :** જોબ એસાઇન્મેન્ટમાં મિડલ કે ઉચ્ચ લેવલે રજૂઆત શક્તિ આવશ્યક હોય છે. ઉમેદવારમાં અન્ય ગુણ કેપેસિટી હોય, પણ જો યોગ્ય પ્રેઝન્ટેશન સ્કીલ ન હોય, તો ઉચ્ચ અને સારી જગ્યામાં પસંદગી પામવાની તકો ઓછી થાય છે. રજૂઆત વખતે ઉમેદવારના નિમ્ન ગુણ ઉપર ખાસ ધ્યાનનો અત્રે ઉદ્દેશ્ય છે. (અ) બોડી લેંગ્વેજ (બ) મુદ્દાસર રજૂઆત (ક) આત્મવિશ્વાસ (ડ) વિરોધી બાબતો કે નકારાત્મક રજૂઆતનું યોગ્ય સમાધાન (ઇ) યોગ્ય ભાષાકીય પ્રભુત્વ, યોગ્ય શાબ્દિક રજૂઆત. આ તમામ પૈકી મહત્તમ શક્તિઓ ખીલવવી પડતી હોય છે.

(૪) **ભાષાકીય ક્ષમતા માપન :** ઉમેદવાર ગ્રેજ્યુએટ થાય ત્યાં સુધીમાં માતૃભાષા અને અન્ય ભાષાઓ જેવી કે અંગ્રેજી, સંસ્કૃત વગેરેનો અભ્યાસ અને મહાવરો થાય છે પણ **MBA, MCA** જેવા અભ્યાસ માટેના ગ્રૂપ ડિસ્કશન માટે અંગ્રેજી ભાષા મહત્વની છે અને કેપેસિટી મુજબ તેમાં પ્રોફિશિયન્સી મેળવવી પડે છે. જો કે સ્થાનિક ભાષાનું પણ વેપાર-વાણિજ્યવાળી જોબમાં એટલું જ મહત્વ છે.

(૫) **માનસિક વલણ :** ઉમેદવારનું મનોબળ ઉચ્ચ હોદ્દા કે કામગીરીને લાયક હોય તે અપેક્ષિત છે સાથે તેનું વલણ પણ સકારાત્મક જોઇએ. ચર્ચા દરમિયાન ઉમેદવાર પોતે કેટલી મૌલિક રજૂઆત કરે છે, તે મહત્વનું ગણાય છે. જો તે અન્યના સૂરમાં સૂર વારંવાર પુરાવે તો તેની મૌલિકતા કે એટિટ્યૂટ પર પ્રશ્નાર્થ આવે છે.

**ગ્રૂપ ડિસ્કશનની પૂર્વ તૈયારી :**

આ પ્રક્રિયા સરળ નથી. ઉમેદવાર, વિદ્યાર્થીએ પોતાની જાતને બે-ચાર દિવસમાં તૈયાર થવાની આશા કે અપેક્ષા મૃગજળ સમાન છે. આ માટે ખાસ લક્ષણો, રીતભાત અને ખુશનુમા તથા અસરકારક રીતે વક્તવ્ય રજૂ કરવાની આવડત વિકસાવવા માટે પૂરતો સમય આપવો જરૂરી છે. જૂથચર્ચામાં બોલી શકવાની ક્ષમતા કેળવવા ઉમેદવારે દોસ્ત તથા સાથીઓ સાથે બેસી કોઇ એક વિષય ચૂંટીને તેના ઉપર ચર્ચા કરવાનો માર્ગ લેવો પડે. આવી પ્રેક્ટિસમાં એકબીજાના દૃષ્ટિકોણથી પરિચિત થવાય છે. આ પ્રક્રિયામાં ઈન્ટરવ્યૂ લેનાર ૩૦ થી ૪૦ મિનિટનો સમય એક ગ્રૂપને આપે છે. ચારથી આઠ જેટલા ઉમેદવારનું ગ્રૂપ હોય છે, તેમાંથી કોઇક વખત લીડર પસંદ થાય પરંતુ મોટાભાગે જૂથનેતા કે સુપરવાઇઝર એક જ હોય છે. કંપનીના કે તેની સંસ્થા તરફથી બોલાવવામાં આવેલ **1** કે **2** નિરીક્ષક ઓબ્ઝર્વર પણ હોય છે. તેમાં તેના રિપોર્ટને આધારે કે મૂલ્યાંકન મુજબ પસંદગી થતી હોય છે તેથી આવી ચર્ચામાં સફળતા મેળવવા અને જાતકેળવણી માટે આવો અનુભવ પ્રેક્ટિસ જરૂરી છે. મોક ગ્રૂપ ડિસ્કશન પણ કોલેજો કે સંસ્થાઓ પૂર્વ તૈયારીરૂપે કરી શકે છે. એ યાદ રાખવું જરૂરી છે કે જૂથચર્ચામાં સફળતા મેળવવા માટે દુનિયામાં એકેય ટૂંકો રસ્તો (short cut) નથી.

**ગ્રૂપ ડિસ્કશન પ્રક્રિયા :**

ગ્રૂપ ડિસ્કશન એ હોમોજિનિયસ કે સમાનધર્મી જૂથ (કોમન ઈન્ટરેસ્ટ ગ્રૂપ) વચ્ચેની ઈન્ટરએક્શન મેથોડ છે. ઉમેદવારોની સંખ્યા અને ક્રમાંક મુજબ જૂથની સંખ્યા અને સભ્યો નક્કી કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં વિષયો સામાન્ય રીતે વર્તમાન બનાવો, દેશના આર્થિક અને રાજકીય ભાવિને અસરકર્તા નીતિઓ, ખાનગી ક્ષેત્રના મહત્ત્વના બનાવો, ફેરફારોને લગતા હોઇ શકે છે. આ વિષયો પર થતી ચર્ચામાં ઉમેદવારના પાર્ટીસિપેશન ઉપર ધ્યાન અપાય છે. પ્રવર્તમાન કેટલાક નમૂનારૂપ ટોપિક્સ નીચે આપેલ છે. આ પ્રક્રિયામાં દરેક ગ્રૂપને વારાફરતી એક કે વધુ રૂમમાં અલગ અલગ એક વખત ચર્ચા માટે બોલાવવામાં આવે છે. ચર્ચારૂમમાં ઉમેદવારને યોગ્ય જગ્યા અને અન્ય સવલત દા. ત. લેટરપેડ, વોટર વગેરેની ફાળવણી વ્યવસ્થામાં આયોજકો પૂરતી કાળજી રાખે છે. ઉમેદવારો કમ્ફર્ટેબલી ગોઠવાય પછી ડિસ્કશન થાય છે.

(A) Do our ministers and government officials need to study management education ?
(B) Will technology sector continue to be growth driver of Indian economy ?
(C) Should our public sector enterprice be privated ?

**ઈન્ટરવ્યૂ ટેક્નિક્સ**
**આર. એન. કોટક**

(D) The role of India in restructing of Iraq.
(E) Disinvestment process and strategy.
(F) Is education becoming an industry ?
(G) ભારતની આજની આર્થિક-સામાજિક પરિસ્થિતિ.
(H) વૈશ્વિકરણ અને ઉદારીકરણના લાભાલાભ.
(I) फिल्म और टीवी चैनल का विद्यार्थी–जीवन पर असर

**ગ્રૂપ ડિસ્કશન પ્રભાગ :**

**(1) પ્રારંભ (Ice Breaking)** : પ્રારંભમાં દરેક ઉમેદવારને પોતાનો સંક્ષિપ્ત પરિચય આપીને અન્ય સભ્યો જોડે ઓળખાણ મેળવવાની તક આપવામાં આવે છે. આ પરિચયાત્મક Formal ટૂંકી સેશન છે.

**(2) ચર્ચા (Discussion)** : પ્રથમ સેશન બાદ કોઇ પણ ક્ષણે ઓબ્ઝર્વર કમિટીના કોઇ સભ્ય તરફથી ચર્ચા ટોપિક્સ કે વિષય જાહેર થાય છે અને ગ્રૂપના સભ્યોને ચર્ચા શરૂ કરવાનું કહેવામાં આવે છે. ચર્ચા દરમિયાન કમિટિના સભ્યોના રજૂ થતાં મુદ્દાઓ અને રજૂકર્તા વ્યક્તિ વિશે નોંધ લેવામાં આવે છે. અને તે મુજબ જે તે ઉમેદવારને ગ્રેડ આપવામાં આવે છે.

**(3) સમાપન (Close)** : આ ચર્ચાનો સમય જ્યારે પૂરો થાય ત્યારે ચર્ચા બંધ કરવાનું કહેવામાં આવે છે. તે પછી કમિટીના કોઇ સભ્યને જો કોઇ સવાલ ગ્રૂપમાંથી પૂછવાનો હોય તો પૂછી શકે છે અથવા તો ગ્રૂપના સભ્યોને જવાની પરવાનગી આપવામાં આવે છે.

અત્રે એ નોંધનીય છે કે જૂથચર્ચાની સમગ્ર પ્રક્રિયા દરમિયાન ઉમેદવારની રજૂઆત કરવાની કુશળતા, મુદ્દાઓની તાર્કિક સંગતતા, બોડી લેંગ્વેજ વગેરે જેવાં માપદંડોનો ઉપયોગ કરવામાં આવે છે. જૂથચર્ચામાં રજૂઆત કરવા માટે કોઇને ક્રમ કે ચોક્કસ સમય ફાળવેલો હોતો નથી. ગ્રૂપનો સભ્ય ચાલુ ચર્ચા દરમિયાન ગમે ત્યારે યોગ્ય રીતે પોતાના વિચારોની અભિવ્યક્તિ કરી શકે છે. આમ છતાં, ચર્ચાની શરૂઆત કરનાર **(Initiater)** ને પૂરતો સમય પૂરતા મુદ્દાઓ અને અસરકારક શરૂઆતની યોગ્ય તક અપાય છે. જ્યારે તુરતમાં ચર્ચાને આગળ વધારનારને વિરુધ્ધમાં બોલવાના પૂરતા મુદ્દાઓ વિચારવા પૂરતો સમય અને ચર્ચાને દિશા આપવાની તક મળે છે. જ્યારે ચર્ચાને close કરનારને વિચારણા માટે પણ પૂરતો સમય, રહી ગયેલા મુદ્દાઓને સાંકળવાની તક તથા છેલ્લે પ્રક્રિયા દરમિયાન પ્રયત્નો થકી મળી રહે છે.

**ગ્રૂપ ડિસ્કશનમાં સફળતા કેમ મેળવશો ?**

ગ્રૂપ ડિસ્કશન એક સાત્વિક અને સકારાત્મક ચર્ચા છે, તે વાદવિવાદ નથી. આ અદાલત નથી; તેથી તેમાં કોઇ પણ પ્રકારના બચાવનામાયુક્ત હોય તેવી દલીલોને સ્થાન પણ નથી. તાત્પર્ય એ છે કે આ સમાનલક્ષી જૂથ છે, જેનું અંતિમ ધ્યેય શ્રેષ્ઠ પસંદગી છે. આવી પ્રક્રિયાથી ઉમેદવારોની યોગ્ય પસંદગીનાં માપદંડ નક્કી થાય છે તેથી અહીં કોઇ ઉપર હાવી થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આવી ગેરસમજણ દૂર થવી ઘટે કેમ કે તેનાથી તેજસ્વી અને સારા ઉમેદવારો જૂથ ચર્ચામાં માર ખાઇ જાય છે. ગ્રૂપ ડિસ્કશનમાં એવી માન્યતા ધરાવનારા જોવા મળે છે કે હંમેશાં બીજા ઉપર પ્રભુત્વ મેળવવા સતત અને અસરકારક રજૂઆત કરીને અન્યને ચાન્સ જ ન આપવો. આ ગણિત ખોટું છે. અન્ય બોલશે તો જ તમારી શ્રેષ્ઠતા સાબિત થશે તે ન ભૂલવું જોઇએ. ઘણી વખત ઉમેદવારોના બિનતાર્કિક રજૂઆતો કરવી, અકારણ વિરોધી મંતવ્યો આપવા, અન્યની રજૂઆતોમાં બિનજરૂરી હસ્તક્ષેપ કરવો, પોતાની રજૂઆતમાં પણ વિરોધાભાસ ઊભો કરવો, બૂમબરાડા સાથે ઊંચા અવાજે બોલવું વગેરે સ્ટાઇલ્સ કે લક્ષણો ઉમેદવારને જ નુકસાન કરે છે. તેથી નીચેના મુદ્દાઓ ઉપર મનન કરીને સફળતા તરફ જાતને કેળવવી પડે.

1. **સ્ટ્રેટેજી નક્કી કરવી :**
જૂથચર્ચાને એક જંગ ગણી તેની વ્યૂહરચના બનાવવી પડે. જૂથચર્ચા યુધ્ધ કે સંગ્રામના સૈનિક ગણીને ગોળીઓને બદલે તાર્કિક દલીલો છોડવા કરવી પડે તો સફળતાનો આંક ઊંચો આવે. જૂથચર્ચામાં અપાતા વિષય ઉપર ફેવર કે વિરોધમાં બોલવા માટેનો ઝડપી એકશન પ્લાન મગજમાં બનાવી લેવો પડે અને તેની દલીલો ઉદાહરણ સાથે દર્શાવવા વિચારવું પડે. જો વિરુધ્ધમાં બોલવાનું હોય તો વ્યૂહરચના હંમેશાં મજબૂત કરવી પડે. કેમ કે ફેવરમાં બોલવું સહેલું છે, નકારાત્મક કે અનફેવરમાં બોલવા વધુ મહેનત પડે છે.

2. **દલીલો તર્કબદ્ધ અને સકારણી હોવી :**
જૂથચર્ચામાં અન્ય ઉમેદવારના વિચારો સાથે સહમતી ફરજિયાત નથી, પણ તેના ખંડનમાં કરાતી દલીલો તર્કબદ્ધ હોવી જોઇએ. જે કંઇ ચર્ચા થાય તેનાં યોગ્ય કારણો દર્શાવવા પડે. ઉદાહરણો અને દૃષ્ટાંતોની અસર દૃઢ થાય છે. દા.ત. 'શિક્ષણ એક ઉદ્યોગ બની રહ્યો છે.' તે વિષયની ચર્ચા ઉપર સત્ય હકીકત અખબારો-સામાયિકો જેવા પ્રિન્ટ મીડિયામાં આવેલ વિગતો આધારિત હોય તો યોગ્ય ગણાશે.

3. **ભાષા અને વર્તણૂક :**
ગ્રૂપ ડિસ્કશન એ માન્ય ચર્ચા પ્લેટફોર્મ છે. આ કોઇ ઝઘડો નથી. ચર્ચા કરનાર શિક્ષિત અને યોગ્ય અભ્યાસુ હોય છે તેમાં કોરમમાં દરેક પોતાને શોભે તેવી ભાષા અને વર્તણૂક રાખવી ઘટે. તે ધીરગંભીર, સુઘડ અને મીઠી હોવી જોઇએ. સૌમ્યતા અને કુનેહપૂર્વકની રજૂઆત કરવી પડે. દા.ત. કોઇ ચર્ચા કરનાને એમ ન કહી શકાય કે 'તમારું મંતવ્ય ખોટું છે' પણ એમ જરૂર કહી શકાય કે 'તમારું મંતવ્ય કદાચ સાચું હોઇ શકે પરંતુ માહિતી આ પ્રકારની છે....' આથી ગ્રૂપમાં સૌજન્યયુક્ત વ્યક્તિત્વ ઊભું થશે.

4. **યોગ્ય શ્રોતા થવું :**
જૂથચર્ચામાં બોલવા-સાંભળવાની બન્ને ક્રિયા થાય છે. તેથી ફક્ત બોલીને-રજૂઆત કરીને તે 'લાઇવ' રહેતું નથી. અન્યની વાત સાંભળવી આવશ્યક છે તો જ તેના ફેવર કે ડિસફેવરમાં યોગ્ય રજૂઆતની તક મળે. આવી રજૂઆતોને ધ્યાનપૂર્વક સાંભળવી પડે એટલું જ નહિ પણ તેને મનોમન અંકિત કરવી પડે. શ્રુતિકરણ જૂથચર્ચાનું અગત્યનું અંગ છે.

5. **અન્ય ઉમેદવારની મજાક ન કરવી :**
જૂથચર્ચાના દરેક ઉમેદવારની તર્કશક્તિ, રજૂઆત, બોડી લેંગ્વેજ અલગ પ્રકારની હોય છે. સૌ સરખા હોતા નથી. અન્ય વક્તાની રજૂઆત પ્રસંગે વાણીવર્તન કે અન્ય રીતે તેની હાંસી થાય તેવા પ્રયત્નો ન કરવા જોઇએ. તેની રજૂઆત ગમે તેવી હોય પણ સુપરવાઇઝર સિવાય કોઇને વિક્ષેપ કરવાનો હોતો નથી. વક્તાની વાતચીતમાં અસંબદ્ધતા હોવા છતાં ઉપહાસ ન કરી શકાય.

6. **ટીકાટિપ્પણને સકારાત્મક ગણવી :**
આ ચર્ચાને કોઇ તબક્કે રજૂઆતના વિરોધમાં ઉમેદવાર એકબીજાની વાતચીત માટે ટીકાટિપ્પણ (comments) આપતા હોય છે. આવી ટીકા તીવ્ર કે નાપસંદ હોઇ શકે, ત્યારે ગુસ્સો પણ આવી શકે છે. આ સમયે ગુસ્સાને કાબૂમાં રાખીને ટીકાને હકારાત્મક (positive) ગણવી યોગ્ય છે. જે ટીકા થાય છે કે કરાયેલી રજૂઆત idesaની છે. કોઇ વ્યક્તિગત ટીમ નથી તેમ માનવું રહે. અન્યથા ચર્ચામાં સંઘર્ષ કે માનસિક તણાવ આવી શકે. કોઇ દલીલોના એકબીજા તરફથી થતા

*(અનુસંધાન પાન નં. ૫ ઉપર..)*

**(૧) સેન્ટ્રલ રેલવેનું મુખ્ય મથક ક્યું છે ?**
(એ) મુંબઇ (બી) ગોરખપુર
(સી) અમદાવાદ (ડી) જલગાંવ

**(૨) શામાં એમોનિયા વાયુ હોય છે ?**
(એ) ભીંડામાં (બી) બટાકામાં
(સી) ડુંગળીમાં (ડી) શક્કરિયામાં

**(૩) ભારતના ક્યા રાજ્યમાં બંદરોની સંખ્યા વિશેષ છે ?**
(એ) ગુજરાત (બી) મહારાષ્ટ્ર
(સી) કેરળ (ડી) કર્ણાટક

**(૪) ૧૯૫૭માં રજૂ થયેલ ફિલ્મ 'ચંડી પૂજા' માં કોણે સંગીત પીરસ્યું હતું ?**
(એ) નૌશાદ (બી) અવિનાશ વ્યાસ
(સી) રામ-લક્ષ્મણ (ડી) અજિત મર્ચન્ટ

**(૫) ગુજરાત રાજ્યના બીજા રાજ્યપાલશ્રી કોણ હતા ?**
(એ) ડૉ. શ્રીમન્નનારાયણ (બી) શ્રીમતી શારદામુખર્જી
(સી) શ્રી બી. કે. નહેરૂ (ડી) શ્રી નિત્યાનંદ કાનૂનગો

**(૬) આમાં જાપાન દેશની રાજધાની કઇ ?**
(એ) બેઇજીંગ (બી) બૈરૂત
(સી) ટોકિયો (ડી) કોલમ્બો

**(૭) આર્ય સંસ્કૃતિના ઉષ : કાળથી દર બાર વર્ષે ભરાતો કુંભમેળો હરદ્વાર, પ્રયાગ, ઉજ્જૈન અને ચોથા ક્યા સ્થળે ભરાય છે ?**
(એ) અયોધ્યા (બી) વારાણસી
(સી) મથુરા (ડી) નાસિક

**(૮) ૧૯૨૪માં અમેરિકાના રાઇસ કેલૉગે શાની શોધ કરી હતી ?**
(એ) વીસીઆરની (બી) જનરેટરની
(સી) લાઉડ સ્પીકરની (ડી) ઓડિયો કેસેટની

**(૯) 'સુરિનામ' શું છે ?**
(એ) એક જૈન મુનિનું નામ(બી) સુદાનનો એક પર્વત
(સી) કર્ણાટકની એક ખાણ(ડી) એક દેશ

**(૧૦) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ક્યારે નિર્વાણ પામ્યા હતા ?**
(એ) ૨૭-૧-૧૯૬૨ (બી) ૨૮-૨-૧૯૬૩
(સી) ૨૯-૩-૧૯૬૪ (ડી) ૩૦-૪-૧૯૬૫

**(૧૧) કેટલાક પક્ષીઓની ચાંચ નીચે લટકતી લાલ ચામડીને શું કહે છે ?**
(એ) ગૂઇ (બી) ચૂઇ
(સી) વૂઇ (ડી) બૂઇ

**(૧૨) છેલ્લા થોડા વર્ષોથી અખબારો-સમાચિકોમાં છવાયેલા મગજની કસરત કરાવતી 'સુડોકુ' એ ક્યા દેશની દેન છે ?**
(એ) સ્પેન (બી) જાપાન
(સી) બ્રાઝિલ (ડી) સ્વિટ્ઝરલેન્ડ

**(૧૩) પ્રેમચંદના ક્યા કહાની સંગ્રહને અંગ્રેજ સરકારે જપ્ત કરી લીધો હતો ?**
(એ) માનસરોવર (બી) લાઠી
(સી) જુલૂસ (ડી) સોજે વતન

**(૧૪) જાપાને ભૂતકાળમાં ક્યા દેવની ટપાલ ટિકિટ બહાર પાડી હતી ?**
(એ) બ્રહ્મા (બી) રામ
(સી) સૂર્ય (ડી) કૃષ્ણ

**(૧૫) 'મહાભારતના યુદ્ધના કેટલા દિવસ પછી ભીષ્મ પડ્યા હતા ?**
(એ) બાર (બી) સોળ
(સી) દસ (ડી) ચૌદ

**(૧૬) સી. વી. રામનને ૧૯૫૪માં ક્યો એવોર્ડ પ્રાપ્ત થયો હતો?**
(એ) ભારત રત્ન (બી) અશોકચક્ર
(સી) પદ્મ વિભૂષણ (ડી) પદ્મશ્રી

**(૧૭) નંદનકાનન અભ્યારણ ક્યા રાજ્યમાં આવેલું છે?**
(એ) ઓરિસ્સામાં (બી) બિહારમાં
(સી) ગુજરાતમાં (ડી) ઝારખંડમાં

**(૧૮) સેન્ટ્રલ ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ - ક્યાં આવી ?**
(એ) દહેરાદૂન (બી) પીલાની
(સી) મૈસૂર (ડી) દિલ્હી

**(૧૯) 'માર્જાર' એટલે ક્યું પ્રાણી ?**
(એ) વાંદરો (બી) કૂતરો
(સી) ડુક્કર (ડી) બિલાડો

**(૨૦) તા. છઠ્ઠી, જુલાઇ એ ક્યા દેશનો સ્વતંત્ર દિન છે ?**
(એ) કોસ્ટારિકા (બી) ઇટાલી
(સી) પેરૂ (ડી) એંગોલા

**(૨૧) જર્મનીના બુર્ટેમ્બર્ગ પ્રાંતના ઉલ્મા નામક નાના શહેરમાં જન્મ લેનાર વિશિષ્ટ પ્રતિભા કઇ ?**
(એ) સી. વી. રામન (બી) આલ્બર્ટ આઇન્સ્ટાઇન
(સી) ડૉ. જહાંગીર ભાભા (ડી) થોમસ આલ્વા એડિસન

**(૨૨) આણંદ જિલ્લામાં આવેલો તાલુકો ક્યો ?**
(એ) ઠાસરા (બી) કડાણા
(સી) ખંભાત (ડી) નડિયાદ

**(૨૩) હેમા માલિની કઇ શૈલીનું નૃત્ય કરે છે ?**
(એ) કથકલી (બી) કુચીપુડી
(સી) ભરત નાટ્યમ (ડી) મણિપુરી

**(૨૪) 'ભૂ-ગોળ' શબ્દમાં 'ભૂ' નો અર્થ શું છે ?**
(એ) વાયુ (બી) અગ્નિ
(સી) જળ (ડી) પૃથ્વી

**(૨૫) આપણા રાષ્ટ્રીય ચિન્હમાં કેટલા સિંહ છે.?**
(એ) ત્રણ (બી) ચાર
(સી) પાંચ (ડી) બે

**(૨૬) આકાશમાં સૂર્ય, ચંદ્ર અને ગ્રહો જે માર્ગમાં ગતિ કરે છે, તેને શું કહે છે ?**
(એ) નક્ષત્ર (બી) રાશિ
(સી) કર્કવૃત (ડી) ક્રાંતિવૃત

**(૨૭) હજાર વર્ષ સુધી વિદ્યાકલાનું કેન્દ્ર બની રહેનાર પ્રાચીન વિદ્યાપીઠનું નામ શું ?**

**જનરલ નોલેજ ક્વિઝ કોર્નર**
**હેમંત પટેલ**

(એ) ઓસ્માનિયા (બી) નાલંદા
(સી) તક્ષશિલા (ડી) શિક્ષા

**(૨૮) 'વાયસ' - એટલે ક્યું પક્ષી થાય ?**
(એ) કાગડો (બી) કબૂતર
(સી) કાબર (ડી) તેતર

**(૨૯) કાટખૂણાની મદદથી નીચેના ક્યો ખૂણો દોરી શકાતો નથી ?**
(એ) ૩૪૦° (બી) ૩૫૦°
(સી) ૩૬૦° (ડી) ૩૭૦°

**(૩૦) 'કાસમન બિન નઝીલત ઇલ-માહિક્ત'- આ ક્યા દેશનું રાષ્ટ્રગીત છે?**
(એ) બ્રિટન (બી) ઝામ્બિયા
(સી) અલ્જિરીયા (ડી) કેનેડા

**(૩૧) ફિલ્મ કલાકાર અમોલ પાલેકરની પ્રથમ ફિલ્મ કઇ હતી ?**
(એ) છોટી સી બાત (બી) ટેક્સી-ટેક્સી
(સી) ચિત્તચોર (ડી) રજનીગંધા

**(૩૨) હરિહર જરીવાલાના મૂળ નામ ઓળખાતા ફિલ્મ કલાકાર ક્યા હતા ?**
(એ) અશોકકુમાર (બી) સંજીવકુમાર
(સી) અસરાની (ડી) રાજકુમાર

**(૩૩) ૧૯૬૫-૭૧ ના સમયગાળા દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી પદે કોણ હતા ?**
(એ) હિતેન્દ્રભાઇ દેસાઇ (બી) બાબુભાઇ પટેલ
(સી) ડૉ. જીવરાજ મહેતા (ડી) ઘનશ્યામભાઇ ઓઝા

**(૩૪) અલ્ના અને રેડિયસ નામક હાડકાં શરીરના ક્યા અંગમાં આવેલાં છે.**
(એ) કોણી અને કાંડાની વચ્ચેના ભાગમાં (બી) જાંઘમાં
(સી) માથામાં (ડી) બરડામાં

**(૩૫) હાઇકું - નામક નાનાં કાવ્યોનો પ્રકાર આપણને ક્યા દેશ પાસેથી મળ્યો છે ?**
(એ) જાપાન (બી) ગ્રીસ
(સી) બ્રાઝિલ (ડી) રશિયા

**(૩૬) ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામની આત્મકથાનું નામ શું ?**
(એ) અગન જ્વાલા (બી) અગન પંખ
(સી) આકાશ દેવતા (ડી) આકાશ ગંગા

**(૩૭) 'જાગને જાદવા..' આ પ્રભાતિયું કોણે લખ્યું હતું ?**
(એ) નરસિંહ મહેતાએ (બી) અખાએ
(સી) નાનાલાલ કવિએ (ડી) મણિશંકર ભટ્ટે

**(૩૮) વૃધ્ધ કે ઘરડું માટેનો પર્યાય ક્યો ?**
(એ) કરઠ (બી) ગરઠ
(સી) હરઠ (ડી) જરઠ

**(૩૯) અમદાવાદ ખાતે આવેલું ગાંધીજીનું સાદું નિવાસસ્થાન ક્યા નામે ઓળખાય છે ?**
(એ) સત્ય નિવાસ (બી) પ્રાણકુંજ
(સી) હૃદય ધારા (ડી) હૃદયકુંજ

**(૪૦) ભારતીય બંધારણ ક્યારે સ્વીકૃત થયું હતું ?**
(એ) ૨૬-મે, ૧૯૫૦ (બી) ૨૬-માર્ચ, ૧૯૫૦
(સી) ૨૬-નવે, ૧૯૪૯ (ડી) ૨૬-જૂન, ૧૯૪૯

**(૪૧) સંસ્કૃતના મહાન કવિ કાલિદાસ કોના રાજકવિ હતા ?**
(એ) કુમાર ગુપ્તના (બી) સમ્રાટ અશોકના
(સી) ચંદ્ર ગુપ્ત બીજાના (ડી) સમુદ્ર ગુપ્તના

**(૪૨) લોહીના ભ્રમણના સિધ્ધાંતની શોધ ડૉ. વિલિયમ હાર્વેએ કઇ સદીમાં કરી હતી ?**
(એ) ૧૪મી (બી) ૧૫મી
(સી) ૧૬મી (ડી) ૧૭મી

**(૪૩) સેન્ટ્રલ ઇલેક્ટ્રો-કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ - ક્યાં આવેલી છે.?**
(એ) કરાઇ કુડી (બી) મોહાલી
(સી) વિજયવાડા (ડી) કોચીન

**(૪૪) કઇ નદીને પૃથ્વી પર લાવવા માટે કશ્યપ ઋષિએ ખૂબ જ તપ કર્યું ?**
(એ) નર્મદા (બી) કાવેરી
(સી) ગંગા (ડી) સરસ્વતી

**(૪૫) 'પોખરણ'-એ શું છે ?**
(એ) બંગાળી દેવતા (બી) મધ્ય પ્રદેશમાં આવેલુ રણ
(સી) રાજસ્થાનનું એક ગામ(ડી) હીરાની એક જાત

**(૪૬) જૈન ધર્મમાં અનેક પરિવર્તન લાવનાર અને મહાત્મા ગાંધીના ગુરૂ કોણ હતા ?**
(એ) શ્રીમદ્ રાજચંદ્ર (બી) શ્રીમદ્ શ્યામચંદ્ર
(સી) રવિરાજ (ડી) શ્યામ કૃષ્ણ

**(૪૭) મેઘ ધનુષ્યમાં લીલો રંગ ક્યા બે રંગની વચમાં આવે ?**
(એ) ભૂરા અને પીળા (બી) લાલ અને પીળો
(સી) કેસરી અને લાલ (ડી) જાંબલી અને પીળો

**(૪૮) ગ્રીનપાર્ક સ્ટેડિયમ ક્યાં આવેલું છે ?**
(એ) અલ્હાબાદ (બી) સુરત
(સી) કાનપુર (ડી) જબલપુર

**(૪૯) મિસરનું એવું ક્યું અતિશય પ્રાચીન રાજધાની નગર હતું કે જે 'સો દરવાજાના નગર' તરીકે વિખ્યાત હતું ?**
(એ) કેરો (બી) થેબેસ
(સી) આબીડોસ (ડી) મેમ્ફીસ

**(૫૦) ગુજરાત યુનિવર્સિટીનો સ્થાપના દિવસ ક્યો ?**
(એ) ૨૩-૧૧-૧૯૪૯ (બી) ૨૨-૯-૧૯૫૦
(સી) ૧૯-૧૦-૧૯૪૮ (ડી) ૨૦-૬-૧૯૫૧

## જવાબ

**(૧)** મુંબઇ **(૨)** ડુંગળીમાં **(૩)** ગુજરાત **(૪)** અજિત મર્ચન્ટ **(૫)** શ્રી નિત્યાનંદ કાનૂનગો **(૬)** ટોકિયો **(૭)** નાસિક **(૮)** લાઉડ સ્પીકરની **(૯)** એક દેશ **(૧૦)** ૨૮-૨-૧૯૬૩ **(૧૧)** ચૂઇ **(૧૨)** સ્વિટ્ઝરલેન્ડ **(૧૩)** સોજે વતન **(૧૪)** કૃષ્ણ **(૧૫)** દસ **(૧૬)** ભારત રત્ન **(૧૭)** ઓરિસ્સામાં **(૧૮)** પીલાની **(૧૯)** બિલાડો **(૨૦)** એંગોલા **(૨૧)** આલ્બર્ટ આઇન્સ્ટાઇન **(૨૨)** ખંભાત **(૨૩)** ભરત નાટ્યમ્ **(૨૪)** પૃથ્વી **(૨૫)** ચાર **(૨૬)** ક્રાંતિવૃત **(૨૭)** નાલંદા **(૨૮)** કાગડો **(૨૯)** ૩૭૦° **(૩૦)** અલ્જિરિયા **(૩૧)** રજનીગંધા **(૩૨)** સંજીવકુમાર **(૩૩)** હિતેન્દ્રભાઇ દેસાઇ **(૩૪)** કોણી અને કાંડાની વચ્ચેના ભાગમાં **(૩૫)** જાપાન **(૩૬)** અગનપંખ **(૩૭)** નરસિંહ મહેતા **(૩૮)** જરઠ **(૩૯)** હૃદયકુંજ **(૪૦)** ૨૬-નવે., ૧૯૪૯ **(૪૧)** ચંદ્રગુપ્ત બીજાના **(૪૨)** ૧૬મી **(૪૩)** કરાઇ કુંડી **(૪૪)** સરસ્વતી **(૪૫)** રાજસ્થાનનું એક ગામ **(૪૬)** શ્રીમદ્ રાજચંદ્ર **(૪૭)** ભૂરા અને પીળા **(૪૮)** કાનપુર **(૪૯)** થેબેસ **(૫૦)** ૨૩-૧૧-૧૯૪૯

## ધોરણ-૧૨ (સાયન્સ) ૫૫ ટકા સાથે પાસ છો ?

# નેવીમાં 'ખલાસી' તરીકે ખડતલ કારકિર્દીની તક

ભારતીય નૌકાદળ અત્યાધુનિક યુદ્ધ જહાજો, સબમરીન, એરક્રાફ્ટ ધરાવે છે. તેમાં મુકવામાં આવેલ મશીનરી, શસ્ત્રો, રડાર અને અન્ય ઉપકરણોના સંચાલન અને જાળવણી માટે ખલાસી (સેઈલર) ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. આ ખલાસીઓને આઈ.એન.એસ., ચિલ્કા, જિલ્લો-ખુરદા (ઓરિસ્સા)માં પાયાની તાલીમ આપવામાં આવે છે. ત્યારપછી દેશભરમાં આવેલા ભારતીય નૌકાદળના વિવિધ સાહસોમાં સઘન તાલીમ આપવામાં આવે છે. વિદેશમાં પણ તાલીમ અર્થે મોકલવામાં આવે છે. ભારતીય નૌકાદળ દ્વારા ખલાસીઓની નિમણૂક માટે **૩૧ જાન્યુઆરી-૨૦૧૧**ની **૧૨૯મી** બેચમાં શરૂ થતાં **આર્ટિફિશર એપ્રેન્ટિસ(AA)**માટે અપરિણીત ભારતીય પુરુષ ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવામાં આવે છે.

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૮-૬-૨૦૧૦**

❑ **શૈક્ષણિક લાયકાત :** ૧૦+૨/સમકક્ષ પરીક્ષા મેથસ અને ફિઝિક્સ વિષય સાથે તેમજ કેમેસ્ટ્રી/બાયોલોજી/કોમ્પ્યુટર સાયન્સ પૈકી કોઈ એક વિષય સાથે કુલ ૫૫ ટકા તે તેથી વધુ ગુણ સાથે પાસ કરેલ હોવી જાઈએ.

❑ **વયમર્યાદા :** ઉમેદવાર ૩૧-૧-૧૯૯૧ થી તા. ૩૦-૧-૧૯૯૪ વચ્ચે જન્મેલા હોવા જોઈએ. (બંને દિવસ સાથે ગણવા).

❑ **પગાર અને અન્ય ભથ્થાં :** રૂા.૫૨૦૦-૨૦૨૦૦ મૂળ પગાર તેમજ રૂા. ૨૦૦૦ ગ્રેડ પે + રૂા. ૨૦૦૦ મિલીટરી સર્વિસ પે તથા 'એક્સ' ગ્રૂપ પે તરીકે રૂા. ૧૪૦૦ અને મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર છે.

❑ **બઢતી :** ઉમેદવારને માસ્ટર ચીફ પેટી ઓફિસર-૧ (એટલે કે સુબેદાર મેજર) સુધીની રેન્કમાં બઢતી મેળવવાની તક મળશે. ઉમેદવારનો દેખાવ અવ્વલ હશે અને જરૂરી પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરશે તો તેને કમિશન ઓફિસર તરીકે બઢતીની પણ તક મળી શકશે.

❑ **અન્ય સવલતો :**

♦ તાલીમ સમય અને ત્યારબાદ ખલાસીઓને નિઃશૂલ્ક ધોરણે પુસ્તકો, વાંચનસામગ્રી, ગણવેશ, ભોજન અને આવાસની સુવિધા પૂરી પાડવામાં આવશે.

♦ ખલાસીઓ પોતાના અને કુટુંબના સભ્યો માટે તબીબી સારવાર, રજા પ્રવાસ રાહત મેળવી શકે છે. ગ્રુપ હાઉસીંગના લાભો અને અન્ય સરકારી ખર્ચાઓમાં છૂટછાટ મેળવી શકે છે. તદ્ઉપરાંત ખલાસીઓને દર વર્ષે ૬૦ દિવસની વાર્ષિક અને ૩૦ દિવસની પરચૂરણ રજા મળવાપાત્ર છે. નિવૃતિ સમયે વિવિધ લાભો જેવા કે પેન્શન, ગ્રેજ્યુઈટી અને રજાનું રોકડમાં રૂપાંતર મેળવવા હક્કદાર બનશે.

❑ **લેખિત, શારીરિક અને તબીબી પરીક્ષાઓ :**

♦ ખલાસીઓની પસંદગી લેખિત પરીક્ષા, શારીરિક સુસજ્જતા કસોટી અને તબીબી પરીક્ષણના આધારે કરવામાં આવશે.

❑ **લેખિત પરીક્ષા :**

♦ પ્રશ્નપત્રો હિંદી અને અંગ્રેજીમાં તથા વૈકલ્પિક પ્રકારના રહેશે. પ્રશ્નપત્રમાં અંગ્રેજી, સાયન્સ, મેથેમેટિક્સ અને જનરલ નોલેજ ચાર વિભાગો રહેશે. પ્રશ્નોનું ધોરણ ૧૦+૨ લેવલનું રહેશે. પરીક્ષાનો સમય એક કલાકનો રહેશે. ઉમેદવારોએ દરેક તબક્કામાં યોગ્યતા મેળવવી તથા એકંદર ગુણ મેળવવા જરૂરી છે. પરીક્ષાનો અભ્યાસક્રમ વેબસાઈટ : **www. nausena-bharti.nic.in** પરથી જોવા મળશે.

♦ **શારીરિક ક્ષમતા કસોટી :** શારીરિક ક્ષમતા કસોટીમાં પાસ થવું અનિવાર્ય છે. તે માટે ૭ મિનિટમાં ૧.૬ કિ.મી.ની દોડ પૂર્ણ કરવાની રહેશે. ૨૫ ઉઠક-બેઠક અને ૧૦ પુશઅપ્સ કરવાના રહેશે. ઉમેદવારોએ સ્વયંના જોખમે કસોટી આપવાની રહેશે.

❑ **તબીબી ધોરણ :** ખલાસીઓના પ્રવેશ માટે જરૂરી પ્રવર્તમાન નિયમનોમાં દર્શાવેલ તબીબી ધોરણોની ચકાસણી સક્ષમ મિલિટરી ડૉક્ટર્સ દ્વારા કરવામાં આવશે. ઊંચાઈના પ્રમાણમાં જરૂરી વજન અને સુદૃઢ છાતી ૫ સે.મી.ના ફુલાવા સાથે હોવી જરૂરી છે. ઉમેદવાર સારૂં માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય ધરાવતા હોવા જોઈએ. કોઈપણ પ્રકારના રોગ-ખામીથી મુક્ત હોવા જોઈએ. વળેલા ઘૂંટણ, સપાટ તળીયા, ઉપસેલી નસો હોવી ન જોઈએ. કાનમાં બહેરાશ કે અન્ય ઉણપ ન હોવી જોઈએ. ખેંચ કે વાઈનું દર્દ કે માનસિક રોગના લક્ષણો હોવા ન જોઈએ. ઊંચાઈ ઓછામાં ઓછી ૧૫૭ સે.મી. હોવી જોઈએ. કલર CP-II હોવો જોઈએ. ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તબીબી પરિક્ષણ અગાઉ તેમના કાન ચોખ્ખા કરાવે તથા દાંત સાફ કરાવી લે.

❑ **દૃષ્ટિનું ધોરણ :** ઉમેદવાર ચશ્મા સાથે સારી આંખ વડે ૬/૯ અને ખામીવાળી આંખ સાથે ૬/૯, ચશ્મા વિના સારી આંખમાં ૬/૧૨ અને ખરાબ આંખમાં ૬/૧૨ નું દૃષ્ટિ ધોરણ ધરાવતા હોવા જોઈએ.

♦ જે ઉમેદવારોને કોઈપણ સંરક્ષણ દળની પાંખ દ્વારા કાયમી ધોરણે તબીબી દૃષ્ટિએ અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હોય, અગાઉ આ જ નિમણૂક સમયે હોસ્પિટલમાં ગયા હોય તેવા ઉમેદવારોએ અરજી કરવી નહીં.

♦ પસંદ થયેલા ઉમેદવારો કે જેઓને તાલીમમાં જોડાવવા માટે આહ્વાન કરવામાં આવ્યું છે તેઓએ તાલીમ પૂર્વે આઈએનએસ-ચિલ્કા ખાતે એનરોલમેન્ટ મેડીકલ માટે જવું પડશે. તેમાં અનફીટ જાહેર થનાર ઉમેદવારને તાલીમમાં સામેલ કરાશે નહીં. આ અંગે કોઈ અપીલ માન્ય નહીં ગણાય.

❑ **તાલીમ અને પ્રારંભિક નિમણૂક :**

♦ **તાલીમ :** કોર્સ માટેની ૯ અઠવાડિયાની પાયાની તાલીમનો આઈએનએસ-ચિલ્કા ખાતે **૩૧-૧-૨૦૧૧**થી પ્રારંભ થશે. ત્યારબાદ ભારતીય નૌકાદળના વિવિધ જહાજો અને વિભાગોમાં જે તે ટ્રેડમાં વ્યવસાયિક તાલીમ લેવાની રહેશે. સેવાની જરૂરિયાત અનુસાર ઉમેદવારોને બ્રાંચ/ટ્રેડની ફાળવણી કરવામાં આવશે.

♦ તાલીમ દરમ્યાન નોંધપાત્ર દેખાવ ન કરી શકનાર ખલાસીને અયોગ્ય ગણી છૂટા કરી શકાશે.

♦ પાયાની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ખલાસીને ૧૫ વર્ષ માટે નિમણૂક આપવામાં આવશે.

❑ **પસંદગી પ્રક્રિયા :**

♦ અરજી કરવા માટે નિયત નમૂનો નીચે આપવામાં આવ્યો છે.

♦ અરજીઓ માત્ર સાદી ટપાલથી જ મોકલવી. સ્પીડ પોસ્ટ, રજિસ્ટર્ડ પોસ્ટ અથવા કુરિયર દ્વારા મોકલવામાં આવેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

♦ તારવણી બાદ લાયકાત ધરાવતા ઉમેદવારોને લેખિત પરીક્ષા અને શારીરિક ક્ષમતા કસોટી માટેની તારીખ, સમય અને સ્થળ કે જે સંભવતઃ સપ્ટેમ્બરથી ઓક્ટોબર-૨૦૧૦માં યોજાય તેમ છે, તેના વિશે જાણકારી અપાતા કોલઅપ લેટર્સ મોકલવામાં આવશે.

♦ લેખિત પરીક્ષા વખતે બધા અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.

♦ લેખિત પરીક્ષાનું પરિણામ તે જ દિવસે જાહેર કરી દેવામાં આવશે.

♦ લેખિત પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારે ત્યારબાદ એક-બે દિવસમાં શારીરિક ક્ષમતા કસોટી અને તબીબી પરિક્ષણમાં ઉપસ્થિત થવાનું રહેશે.

♦ મેડિકલી ટેમ્પરરી અનફીટ તરીકે જાહેર થયેલા ઉમેદવારોએ પુનઃસમીક્ષા માટે તબીબી પરિક્ષણ માટેની તારીખથી વધુમાં વધુ ૨૧ દિવસમાં જણાવવામાં આવેલી મીલીટરી હોસ્પિટલમાં રિપોર્ટ આપવાનો રહેશે.

♦ જે ઉમેદવાર તબીબી રીતે કાયમી અનફીટ જાહેર થયા હોય તેઓ મીલીટરી હોસ્પિટલનો સ્પેશ્યાલિસ્ટ ઓપીનિયન મેળવવા માટે ૨૧ દિવસમાં સરકારી તિજોરી મારફતે રૂા. ૪૦નો મીલીટરી રિસિવેબલ ઓર્ડર (MRO) ચૂકવી અપીલ કરી શકે છે.

♦ જણાવવામાં આવેલી મીલીટરી હોસ્પિટલ સિવાય અન્ય હોસ્પિટલમાંથી મેળવવામાં આવેલું મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ માન્ય રાખવામાં આવશે નહીં.

♦ બધી રીતે લાયક પૂરવાર થયેલા ઉમેદવારોની જગાની ઉપલબ્ધતાના આધારે તારવણી કરવામાં આવશે.

♦ કેન્દ્ર પ્રમાણે ઉમેદવારની પસંદગી યાદી જે તે રિક્રૂટમેન્ટ સેન્ટર ખાતે ૩૦-૧૨-૨૦૧૦ના રોજ મૂકવામાં આવશે. આમ છતાં, નિમણૂકનો અંતિમ આધાર આઈએનએસ-ચિલ્કા ખાતે લેવામાં આવનાર મેડિકલ ફિટનેસ રહેશે.

♦ જે બેચ માટે ઉમેદવારની પસંદગી થઈ હોય તે જ બેચ માટે તે લાયક ગણાશે. લાયકાત મેળવનાર પરંતુ અંતિમ મેરીટ યાદીમાં સામેલ ન થઈ શકનાર ઉમેદવાર ત્યારપછીની બેચમાં પ્રવેશ મેળવવા દાવો કરી શકશે નહીં. તેઓએ નવેસરથી નિમણૂક પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

♦ છ માસ પછી નિમણૂક/એનરોલમેન્ટ માટેની પૂછપરછ વિચારણામાં લેવાશે નહીં.

♦ પસંદગી યાદીમાંથી તબીબી ચકાસણીમાં યોગ્ય પૂરવાર થયેલા ઉમેદવારોને એનરોલમેન્ટ માટેની ઓફર કરવામાં આવશે. અસફળ ઉમેદવારોને અલગથી જાણ કરવામાં આવશે નહીં.

♦ પસંદ થયેલા ઉમેદવારોને અંતિમ તબીબી પરીક્ષણ માટે ઉપસ્થિત થવાના કોલ લેટર્સ સાથે પોલીસ વેરિફિકેશન અંગેનું ફોર્મ પણ મોકલવામાં આવશે. ઉમેદવારે પોતાના જિલ્લાના પોલીસ સત્તાવાળાઓ પાસેથી મેળવેલ વેરિફિકેશન ફોર્મ આઈએનએસ. ચિલ્કા ખાતે પણ રજૂ કરવું પડશે. પોલીસ વેરિફિકેશ રિપોર્ટ રજૂ કરી ન શકનાર ઉમેદવાર એનરોલમેન્ટ માટે અયોગ્ય ગણાશે. પોલીસ વેરિફિકેશન માટેનું ફોર્મ વેબસાઈટ : **www.nausena-bharti.nic.in** ઉપરથી પણ મેળવી શકાશે.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

♦ નીચે દર્શાવેલ નિયત નમૂના મુજબ અરજી એ-૪ સાઈઝના પેપર ઉપર કરવાની છે.

♦ એક જ અરજી કરવી. અરજીપત્રક **www.nausena-bharti.nic.in** પરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે.

♦ અરજી ફોર્મ સાથે નીચે દર્શાવેલ દસ્તાવેજો પંચ કરી મજબૂત દોરા વડે દર્શાવેલ ક્રમમાં જોડાવાના રહેશે.

♦ અરજી સફેદ કલરના પરબીડિયામાં મોકલવી. પરબીડિયા ઉપર એન્ટ્રીનો પ્રકાર, કેન્દ્રની પસંદગી, ૧૦+૨માં મેળવેલ ગુણની ટકાવારી સ્પષ્ટ રીતે દર્શાવવા. દા.ત. **AA-129 MUMBAI 68.7 % (10+2)**

♦ જન્મતારીખના આધાર માટે મેટ્રિક/સમકક્ષ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

♦ ૧૦+૨/સમકક્ષ પરીક્ષાની માર્કશીટની પ્રમાણિત નકલ અને પ્રમાણપત્ર

♦ અન્ય પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો. દા. ત. એનસીસી/ સ્પોર્ટસ વિગેરે

♦ ૨૨×૧૦ સે.મી. સાઈઝવાળા બે પોતાના સરનામાવાળા પરબીડિયા. જે પૈકી એક ઉપર રૂા. ૧૦ ની ટપાલ ટિકિટ ચોંટાડવી.

♦ અરજી સાથે મુળ વસવાટનું (ડોમી સાઇલ) પ્રમાણપત્ર કે જે રાજ્યપત્રિત અધિકારી/ગ્રામ પંચાયત દ્વારા પ્રમાણિત કરાયું હોય તેની નકલ સામેલ કરવી.

♦ ઉમેદવારોએ તાજેતરમાં પડાવેલો વધારાનો એક પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ્સ અરજી સાથે મોકલવાના રહેશે. ફોટોગ્રાફ્સની પાછળ ઉમેદવારનું નામ અને સહી હોવા જોઈએ.

♦ ફોટા પાછળનું બેક ગ્રાઉન્ડ બ્લ્યુ કલરનું હોવું જોઈએ.

**નોંધ :** દસ્તાવેજો ઉપર પ્રમાણિત કરનાર અધિકારીનું નામ અને ઓફિસનું સરનામું / સિક્કાની છાપ સ્પષ્ટ દેખાવવી જોઈએ.

❑ **પરીક્ષા કેન્દ્રો :** ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દીવ, દમણ અને દાદરાનગર હવેલી વિસ્તારના ઉમેદવારો માટે પરીક્ષા કેન્દ્રો- **જામનગર,** મુંબઇ, લોનાવાલા, અને વાસ્કો દ ગામા રહેશે.

♦ ઉમેદવારોએ ગમે તે એક કેન્દ્રની પસંદગી કરવાની રહેશે. તેમજ અરજી મોકલવાના કવર પર તેનો ઉલ્લેખ કરવો.

❑ **અરજી મોકલવાનું સરનામું :**

**POST BOX NO. 476**
**GOL DAK KHANA, GPO**
**NEW DELHI-110 001.**

જાહેરાતની વધુ વિગતો જોવા તથા અરજી ફોર્મનો નમૂનો ડાઉનલોડ કરવા માટે વેબસાઈટ **www.nausena-bharti.nic.in** જોવી.

●

મુદ્રક, - કાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા - કાશિત, વ્યવસ્થાપક, સરકારી ફોટો લીથો -ેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત.